**આંક–૧૬ લગત હુકમ.**

આ કામે પ્રતીવાદી નંબર ૮ના વીધ્વાન વકીલ દલીલ કરતા જણાવેલ છે કે,આ કામે વાદીએ પ્રતીવાદીઓ સામે નામદાર કોર્ટમા રજીસ્ટર્ડ દસ્તાવેજ રદ ફરમાવવા તથા માલીકી હકક સ્થાપનાનો તેમજ આ કામના પ્રતીવાદી નંબર ૮વાળાએ ઠાકોર મનુજી દાનસંગજીએ ઠાકોર કરશનજી જુહાજી વીગેરે પાસેથી રજીસ્ટર્ડ દસ્તાવેજ તા.૧૧/૫/૨૦૦૯ના રોજ થયેલ છે જયારે વાદીએ સદરહુ દસ્તાવેજ રદ કરવાનો દાવો તા.૧૪/૦૭/૨૦૧૪ના રોજ કરેલ છે એટલે કે પાંચ વર્ષ અને બે માસ પછી સદરહુ દાવો દાખલ કરેલ છે તેમજ સદરહુ દસ્તાવેજ થયેલ તે વાદીની જાણ થયેલ છે જેથી વાદીનો દાવો લીમીટેશનના મુદ્દા ઉપર રદ થવાને પાત્ર છે તેમજ લીમીટેશન એકટ ૧૯૬૩ના ભાગ ૩ તથા ૪ના આર્ટીકલ ૫૬ અને ૫૯ને સંયુકત વંચાણે લેતા જયારે કરી આપેલું અથવા રજીસ્ટર કરેલ કોઈ લખાણ બનાવટી છે એવુ ઠરાવી આપવા માટે અગર આર્ટીકલ ૫૯ મુજબ કોઈ ખત અથવા હુકમનામું રદ્દ કરવા માટે અથવા કરાર રદ કરાવવા માટે બંન્ને આર્ટીકલ મુજબ ત્રણ વર્ષમા દાવો દાખલ કરવાની સમય મર્યાદા દર્શાવેલ છે તેમજ આર્ટીકલ ૫૬ મુજબ બનાવટી લખાણ કર્યાની અથવા રજીસ્ટ્રર થયાની વાદીને જાણ થઈ ત્યારે અને આર્ટીકલ ૫૯ મુજબ જે હકીકતો વાદીને ખત અથવા હુકમનામું રદ કરવા અગર કરાર રદ કરવા હકદાર બનાવે તેની પ્રથમ જાણ થાય ત્યારથી સમય મર્યાદા શરૂ થાય છે આમ સદરહુ વેચાણ દસ્તાવેજ થયેલ જેની રેવન્યુ રેકર્ડમાં નોધ પડેલ છે સદરહુ નોધ થવાથી વેચાણ આપનારનું નામ કમી થયેલ છે અને પ્રતીવાદીનું નામ દાખલ થયેલ છે જેની રેવન્યુ રેકર્ડના હકક પત્રક નોધ નંબર ૪૦૯૫ તા.૨૭/૦૮/૨૦૦૯ના રોજ પડેલ છે અને જે મંજુર થયેલ છે સદરહું હકીકત રેકર્ડ ઉપર છે જેની નોધ મંજુર થવાથી તેની જાત વાદીને થયેલ છે જે હકીકત જોતા વેચાણ દસ્તાવેજ તા.૧૧/૦૫/૨૦૦૯ના રોજ થયેલ છે જે હકીકત જોતા વેચાણ દસ્તાવેજ તા.૧૧/૫/૨૦૦૯ના રોજ થયેલ છે ત્યારે જ સદરહુ રેવન્યુ રેકર્ડના ફરફાર હકકપત્ર કે નોધાયેલ છે અને જેની જાણ વાદીને થયેલ છે તેવુ માનવાને કારણ રહે છે જેથી તા.૧૧/૫/૨૦૦૯ થી તા.૧૧/૫/૨૦૧૨ સુધીમા વાદીને દાવો દાખલ કરવાની સમય

મર્યાદા પુરી થાય છે જેથી વાદીનો દાવો લીમીટેશનના મુદ્દા ઉપર સીપીસી ઓર્ડર ૭ રૂલ ૧૧ નીચે ખર્ચ સહીત રદ્દ કરવા અરજ ગુજારેલ છે.

વાદીના વીધ્વાન વકીલશ્રી બી.એમ.મકવાણા દલીલ કરતા જણાવેલ છે કે, પ્રતીવાદી નંબર ૮ લીમીટેશનના મુદ્દા ઉપર દાવો રદ્દ કરવાની દાદ માંગેલ છે તે દાદનો નીર્ણય પુરાવો લીધા વીના થઈ શકે તેમ નથી એટલે કે હાલના કેસમા સંકળાયેલ મુદ્દો હકીકત અને કાયદાનો મીક્ષ મુદ્દો છે તેમજ હાલના દાવામા વાદીએ પેરા નંબર ૩મા વીગતવારની હકીકત જણાવેલ છે તેમજ વાદીએ દાવા અરજીના પેરા–૪મા કોઝ ઓફ એકશનના સંદર્ભમા તથા વાદીનો દાવો સમય મર્યાદામા આવે છે તે વીગતવાર દર્શાવેલ છે તેમજ પ્રતીવાદીઓ નંબર ૪ થી ૭ના મૈયત ખેગારજી ઓખાજીના સીધી લીટીના વારસો જ નથી તેમજ એગ્નેટ,કોગ્નેટ,ફુલબ્લડ,હાફ બ્લડ,યુટેરીનબ્લડનો નાતો ધરાવતા નથી આમ છતા ઠાકોર કરશનજી જુહાજીના નામની અરજ આપેલ તેમજ હયાતીમા વહેચણી માટે સંમતી જવાબો તલાટી શ્રી ડેર રૂબરૂમા તારીખ ૬/૨/૨૦૦૯ના રોજ લેવામા આવેલ છે પ્રતીવાદી નંબર ૨ તથા ૩ના હયાત હોવા છતા મૈયત દર્શાવેલ છે તેમજ પ્રતીવાદીઓ નંબર ૧/૧ થી ૧/૩ના પિતા અને અમો વાદીના ભાઈ જેળહજી ખેગારજીને મૈયત દર્શાવવામા આવેલા છે. પ્રતીવાદી નંબર ૨ તથા ૩ ના હયાત હોવા છતાં મૈયત દર્શાવેલ છે. તેમજ પ્રતીવાદીઓ નંબર ૪ થી ૭ના વડીલ જુહાજી અણદાજી ધ્વારા નોધ નંબર ૩૮૩૮ થી ખોટુ પેઢીનામું, સંમતી જવાબો મેળવી વારસાઈમા ખોટુ નામ દાખલ કરાવેલ છે તેમજ વાદીના ભાઈ જેહળજી તા.૧૧/૬/૧૯૯૪ના રોજ મરણ ગયેલ હોવા છતા ખોટા અંગુઠા અને ખોટુ પેઢીનામું કરેલ છે અને આ રીતે પ્રતીવાદી નંબર ૪ થી૭ના મૈયત વડીલ જુહાજી અણદાજી ધ્વારા મુળમાંથી ખોટુ રેકર્ડ ઉભુ કરેલ છે અને ત્યારબાદ જુહાજી અણદાજી મરણ જતા પ્રતીવાદી નંબર ૪ થી ૭નાઓએ વારસાઈ નોધ નંબર ૪૦૨૫ની પડાવેલ છે નોધ નંબર ૪૦૪૪ થી ૦૦–૪૮ની જમીન જુદી કરી નોધ નંબર ૪૦૯૫ની તારીખ ૧૧/૫/૨૦૦૯ની રજીસ્ટર દસ્તાવેજની પ્રતીવાદી નંબર ૮ના નામની પાડવામા આવેલ છે આમ ધરમુળમાંથી રેકર્ડ ખોટૃ ઉભુ કરેલ હોઈ તા.૧૧/૫/૨૦૦૯ના રોજ થયેલ દસ્તાવેજની નોધની જાણ તલાટી ધ્વારા વાદી

કે પ્રતીવાદઓ નંબર ૧/૧ થી ૧/૩ તથા ૨,૩નાઓને કરવામા આવેલ જ નથી તેમજ સદરહુ દસ્તાવેજના સંદર્ભમા રેવન્યુ રેકર્ડ સાથે ચેડા થયેલ છે તેના સંદર્ભમા પ્રતીવાદીઓ નંબર ૪ થી ૭ ના વીરૂધ્ધમા બાલીસણા પો.સ્ટે. ઈ.પી.કો કલમ ૪૬૪,૪૬૫,૪૬૬ વીગેરે મુજબની ફરીયાદ દાખલ થયેલ છે અને જેમા જે તે વખતે તલાટી સામે પણ ગુનો નોધાયેલ છે અને જેની પણ તપાસ ચાલુ છે તેમજ પ્રતીવાદી નંબર ૧/૧ થી ૧/૩ના વચ્ચે સહીયારી ખેતીની જમનીના સંદર્ભમા મનદુખ થતા વાદી ધ્વારા સીવીલ કોર્ટમા વહેચણીનો દાવો કરવાની આવશ્યકતા ઉભી થતા રેવન્યુ રેકર્ડની નકલો મેળવતા પ્રતીવાદી નંબર ૪ થી ૧૦ના ગેર કૃત્યની જાણ થતા નકલો ૫/૭/૨૦૧૪ના રોજ મળતા જાણ થતા સમયમર્યાદામા લીમેટેશન એકટ ૧૯૬૩ના આર્ટીકલ ૫૮,૫૯ ના પ્રબંધો ધ્યાને લેતા દાવો સમય મર્યાદામા છે જેથી પ્રતીવાદી નંબર ૮ના ધ્વારા રજુ કરવામા આવેલ ઓર્ડર ૭ રૂલ ૧૧ અરજી ખર્ચ સહ રદ્દ કરવા અરજ ગુજારેલ છે.

આમ, ઉપરોકત તમામ વિગતો લક્ષ્યમાં લઈ પ્રતિવાદીએ જયારે સિવિલ પ્રોસીજર કોડ ઓર્ડર- ૭ રૂલ- ૧૧ મુજબ રજુ આપેલ છે ત્યારે સિવિલ પ્રોસીજર કોડ ઓર્ડર- ૭ રૂલ- ૧૧ ધ્યાને રાખવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

''**ઓર્ડર ૭ રૂલ-૧૧ દાવા અરજી નામંજુર કરવી**''

નીચેના પ્રસંગોએ દાવા અરજી નામંજુર કરવી જોઈશે :-

(એ) તેમાં દાવાનું કારણ જણાવવામાં આવ્યું ન હોય,

(બી) માંગેલી દાદની કિંમત ઓછી આંકી હોય, અને ન્યાયાલય ઠરાવે તે મુદતમાં કિંમતનો આંકડો સુધારી આપવાનુ કહયા છતાં વાદી તેમ ન કરે.

(સી) માંગેલી દાદની કિંમત બરાબર આંકી હોય, પણ ઓછા સ્ટેમ્પ મારેલા કાગળ ઉપર દાવા અરજી લખી હોય અને ન્યાયાલય ઠરાવે તે મુદતમાં જોઈતા સ્ટેમ્પવાળો કાગળ રજુ કરવાનુ કહયા છતાં વાદી તેમ ન કરે.

(ડી) દાવા અરજીમાં લખેલ મજકુર ઉપરથી એમ જણાય કે કોઈ કાયદાથી દાવો ચલાવવાને

બાધ આવે છે,

(ઈ) બે નકલમાં ફાઈલ કરી ન હોય ત્યારે,

(નોંધ : રૂલ–૧૧ માં સબ કલોઝીઝ (એફ) અને (જી)ને બદલે ૨૦૦૨ ના સુધારાથી નીચેનુ સબકલોઝ (એફ) દાખલ કર્યુ છે).

(એફ) ''જયાં નિયમ ૯ ની જોગવાઈઓનુ પાલન કરવામાં વાદી નિષ્ફળ જાય.''

પરંતુ મૂલ્યાંકન સુધારવા અને જરૂરી સ્ટેમ્પવાળા કાગળો રજુ કરવા માટે ન્યાયાલયે નકકી કરેલ સમય વધારી આપવામાં આવશે નહિ, સિવાય કે લેખિત નોંધ કરવાનાં કારણોસર ન્યાયાલયને એવી ખાતરી થાય કે કોઈ અસાધારણ પ્રકારના કારણસર વાદી ન્યાયાલયે નકકી કરેલા સમયની અંદર યથાપ્રસંગે મૂલ્યાંકન સુધારી શકયો ન હતો અથવા જોઈતા ટેમ્પવાળા કાગળો રજૂ કરી શકયો ન હતો અને એવો સમય વધારી આપવાની ના પાડવાથી વાદીને ગંભીર અન્યાય થાય તેમ છે.'' આમ, સદરહુ અરજીનો નિર્ણય કરતી વખતે સૌપ્રથમ એ જોવાનુ રહે છે કે સદરહુ અરજી ઉપરોકત સિવિલ પ્રોસીજર કોડ ઓર્ડર–૭ રૂલ– ૧૧માં કયા કલોઝમાં પડે છે, અર્થાત કલોઝ–એ, કલોઝ–બી, કલોઝ–સી, કલોઝ–ડી, કલોઝ– ઈ કે કલોઝ–એફ માં પડે છે પરંતુ પ્રસ્તુત અરજી જોઈએ તો પ્રતિવાદીએ અરજીમાં મથાળુ મારેલુ છે તેમાં ફકત સિવિલ પ્રોસીજર કોડ ઓર્ડર– ૭ રૂલ– ૧૧ મુજબ એટલું જ લખેલું છે તે સિવાય કયા કલોઝ હેઠળ અરજી આપેલ છે તેવી કોઈ વિગત સ્પષ્ટ જણાવેલ નથી. આમ જયારે દાવા અરજી નામંજુર કરવાનો સિવિલ પ્રોસીજર કોડ ઓર્ડર– ૭ રૂલ– ૧૧માં જયારે ચોકકસ જોગવાઈ આપેલ છે ત્યારે કયા કારણોસર અને કયા કલોઝ હેઠળ હાલની અરજી આપવામાં આવેલ છે તે જણાવવું આવશ્યક છે. પરંતુ પ્રસ્તુત કેસમાં પ્રતિવાદીએ તેવી કોઈ સ્પષ્ટતા કરેલ નથી તેમ છતાં તે ટેકનીકાલીટીમાં ન પડતાં સદરહુ અરજી વાંચીએ તો તેના કથનો મુજબ પણ એ ઘ્યાને રાખવુ જરૂરી છે કે શુ પ્રતિવાદીની અરજીના કથનો મુજબ સિવિલ પ્રોસીજર કોડ ઓર્ડર– ૭ રૂલ– ૧૧ પ્રાવાધાન મુજબના તત્વો આકર્ષાય છે કે કેમ ? તે માટે કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે સિવિલ

પ્રોસીજર કોડ ઓર્ડર– ૭ રૂલ– ૧૧નો નિર્ણય કરતી વખતે ફકત ને ફકત દાવા અરજીના કથનોના આધારે નિર્ણય કરવો જોઇએ. જેમાં બચાવની વિગતો ધ્યાને લેવી જરૂરી નથી તેવુ નામદાર સર્વોચ્ચ અદાલત તથા વડી અદાલતના વિવિધ ચુકાદાઓમાં પણ પ્રસ્થાપિત થયેલ છે જે અંગેની વિગતવાર યથાસ્થાને કરેલ છે.

પ્રતીવાદી નંબર ૮નાઓએ પોતાની દલીલોના સમર્થનમા નીચે મુજબના નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નાામદાર સુપ્રીમ કોર્ટના જજમેન્ટ રજુ કરેલ છે.

(1) 1994 (2) GLR 1773

JAMNAGAR MUNICIPAL CORPORATION V/S M/S VIJAY & CO.

લીમીટેશન એકટ કલમ–૩ દાવામા પ્રતીવાદીએ જવાબમા લીમીટેશનનો બચાવ લીધેલ હોય કે ન હોય તે ધ્યનમા ન લેતા દાવો સમર્યાદાબાદ કરેલ હોય તે દાવા રદ્દ કરવા જોઈએ તેમજ સમય મર્યાદાબાદ કરેલ દાવાઓમા સમયમર્યાદા માફની જોગવાઈ નથી.

(2) 2013 (1) GLR 51

KANJIBHAI BHAGWANJIBHAI PATEL V/S NANDUBEN SHAMJIBHAI SORATHIYA THROUGH P.O.A.,DHARMESH P. TRIVEDI & ORS.

દીવાની કાર્યવાહી સંહીતા ૧૯૦૮–આદેશ ૭, નીયમ ૧૧ ડી– સમય મર્યાદા અધીનીયમ ૧૯૬૩– કલમ ૧૭ અને આર્ટી ૫૬–દાવા અરજી રદ કરવામા આવી–ઠરાવવામા આવ્યુ કે, દાવા અરજીમા દર્શાવવામા આવેલ હકીકતો હકીકતો અગર બીન–વીવાદાસ્પદ હકીકતોના આધારે સમય–મર્યાદા બાધની દાવા અરજી આદેશ ૭,નીયમ ૧૧ ડી હેઠળ રદ થઈ શકે છે–કેસની હકીકતો જોતા વાદીને ૬ વર્ષ જેટલો સમય પહેલા દાવાના કારણ અંગે જાણકારી હતી તે બાબત ધ્યાનમા લેતા દાવાને સમય મર્યાદાનો બાધ છે–વધુમાં, હસ્તાક્ષર તજજ્ઞના અહેવાલથી નવું દાવાનું કારણ મળે નહી–દાવા અરજી રદ કરવામા આવી–નીચલી અદાલતનો હુકમ રદ કરવામા આવ્યો.

(3) 2013 (1) GLR 398

BECHARBHAI ZAVERBHAI PATEL & ANR V/S JASHBHAI

SHIVABHAI PATEL & ORS.

દીવાની કાર્યવાહી સંહીતા ૧૯૦૮ –આદેશ ૭ રૂલ ૧૧ ડી– ઠરાવવામા આવ્યુ કે, દાવામા ભારપૂર્વક કહેલુ કથન તથા તેના ટેકામા અરજી સાથે દસ્તાવેજો રજુ કરેલ તે ધ્યાનમા લેતા જો દાવો સમય–મર્યાદાથી બાધીત થતો હોય, તો તેને આદેશ ૭,૧૧ડી હેઠળ નકારી કાઢવો જોઈએ–નોધાયેલ દસ્તાવેજ નોધણીની તારીખ જાણ બાબતની તારીખ ગણાશે–નીરર્થક ભારપૂર્વક કથન અને ચાતુર્યથી ભરપુર લખાણથી જ દાવાને સમય મર્યાદાનો બાધ હોય તેને સમય–મર્યાદામા ન લાવી શકાય–દાવો નકારવામા આવ્યો – ટ્રાયલ અદાલતનો હુકમ રદ કરવામા આવ્યો.

પ્રતીવાદી નંબર ૮નાએ રજુ કરેલ ક્રમ નંબર ૧,૨ તથા ઉવાળા નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદોઓ માનસર વંચાણે લીધા આ કામે વાદીએ રજુ કરેલ દાવા અરજી તથા દાવા અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજો વંચાણે લેતા તેમજ હાલના કામે માર્ક ૪/૧ વાળો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ હાલના પ્રતીવાદી નંબર ૪ થી ૭નાએ પ્રતીવાદી નંબર ૮નાને કરી આપેલ છે જેમા વાદી પક્ષકાર નથી તેમજ પ્રતીવાદી નંબર ૪ થી ૭નાએ પ્રતીવાદી નંબર ૮ને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલાની જાણ તા.૧૨/૫/૦૯ના રોજ થી છે તે વાદીની દાવા અરજી તથા વાદીએ રજુ કરેલ દસ્તાવેજ ઉપરથી નકકી થતી ન હોઈ એટલ ે કે પુરાવો લીધા સીવાય નકકી થઈ શકે તેમ ન હોઈ તેમજ વાદીએ રજુ કરેલ ઉપરોકત અનુક્ર મ નંબર ૧,૨ તથા ઉવાળા નામદાર ગુજરાત હાઈકોર્ટના જજમેન્ટના કેસની હકકીત તથા કેસના સંજોગ અલગ અલગ કોઈ અત્રેના કેસને લાગુ પડી શકેશે નહી તેવુ અત્રેની કોર્ટનું નમ્ર પણે માનવુ છે.

(4) 2007 (1) GLR 234

MESSRS GANESH CORPORATION V/S GUJARAT VIDHYUT BOARD & ORS.

સીવીલ પ્રોસીજર કોડ કલમ ૧૫, ઓર્ડર ૭ રૂલ ૧૦ અને ૧૦ એ–સીવીલ કોર્ટને હુકુમત ન હોય તેવા દાવા ગુણદોષ ઉપર ચલાવી શકે નહી–કોર્ટ દ્વારા હુકુમત વગરના દાવા અરજી ઓર્ડર ૭ રૂલ ૧૦ મુજબ પરત કરવા જોઈએ.

પ્રતીવાદીએ રજુ કરેલ નામદાર ગુજરાત હાઈકોર્ટન જજેમન્ટ સીવીલ પ્રોસીજર કોડ કલમ ૧૫, ઓર્ડર ૭ રૂલ ૧૦ અને ૧૦ એ મુજબ રજુ કરેલ હોઈ તેમજ પ્રતીવાદીએ હાલની અરજી સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબ રજુ કરેલ હોઈ પ્રતીવાદીએ રજુ કરેલ ઉપરોકત નામદાર ગુજરાત હાઈકોર્ટનુ જજમેન્ટના કેસ અને સંજોગો હાલના કેસથી અલગ હોઈ હાલના પ્રતીવાદીને મદદકર્તા નથી તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છે.

બન્ને પક્ષકારોને સાંભળ્યા વાદીએ રજુ કરેલ દાવા અરજી તથા દસ્તાવેજો વંચાણે લીધા તેમજ તેમજ પ્રતીવાદી નંબર ૮નાએ હાલની અરજી સાથે માર્ક ૪૦/૧,૪૦/૨,૪૧/૧ વાળા ઠરાવને માનસર વંચાણે લીધા તેમજ **<u>સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબ દાવા અરજી નામંજુર કરવાની અરજી દાવાના કોઈ પણ તબકકે પ્રતીવાદી આપી શકે છે તેમજ જો દાવા અરજી વંચાણે લેતા વાદીની દાવા ઉપરથી તેમજ વાદીએ રજુ કરેલ દસ્તાવેજના આધારે વાદીની દાવા અરજી સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર ૭ રૂલ ૧૧ ના પ્રવ્યુમા આવતી હોયતો કોર્ટ જાતે જ વાદીની દાવા અરજી સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર ૭ રૂલ ૧૧ અનુસાર વાદીની દાવા અરજી નામંજુર કરી શકે છે.</u>**

હાલના દાવામા વાદીએ પોતાની દાવા અરજીના પેરા ૧૧ (૩)મા દાદ માંગેલ છે કે ''પ્રતીવાદી નંબર ૪ થી ૭ના મૈયત ખેંગારજી ઓખાજી કાયદેસરના વારસો ના હોઈ પ્ર તીવાદી નંબર ૪ થી ૭ ધ્વારા તા.૧૧/૫/૨૦૦૯ના રોજ પ્રતીવાદી નંબર-૮નાને કરેલ વેચાણલેખ નલ એન્ડ વોઈડ એબઈનીસીયો છે અને દસ્તાવેજ અમો વાદી તથા પ્રતીવાદી નંબર ૧/૧ થી ૧/૩ તથા પ્રતીવાદી નંબર ૨,૩ને બંધનકર્તા નથી તેવુ વજ્ઞાપત આપશોજી'' આમ હાલના દાવામા વાદીએ પોતાના દાવામા પ્રતીવાદી નંબર ૪ થી ૭ ધ્વારા પ્રતીવાદી નંબર ૮ ને તા. ૧૧/૫/૨૦૦૯ના રોજ કરી આપેલ વેચાણ દસ્તાવેજ રદ્દ કરવા અરજ ગુજારેલ છે તેમજ આ કામે પ્રતીવાદી નંબર ૮ તેઓની હાલની અરજીમા જણાવેલ છે કે, આ કામે તકારારી મીલકતનો દસ્તાવેજ તા.૧૧/૫/૨૦૦૯ના રોજ થયેલ હોઈ તેમજ વાદીએ હાલનો દાવો તા.૧૪/૭/૨૦૧૪ના રોજ કરેલ છે એટલે કે નીયત સમય મર્યાદા

બાહર કરેલ હોઈ વાદીની દાવા અરજી સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબ ૧૧ મુજબ રદ્દ કરવા અરજ ગુજારેલ છે પરંતુ આ કામે વાદીએ તકારારી મીલકતનો દસ્તાવેજ રદ્દ કરવા અરજ ગજારેલ છે જે દસ્તાવેજ આ કામે માર્ક ૪/૧ થી રજુ છે તેમજ માર્ક ૪/૧ વાળો રજીસ્ટર્ડ વેચાણનો દસ્તાવેજએ પ્રતીવાદી નંબર ૪ થી ૭નાએ પ્રતીવાદી નંબર ૮નાઓને કરી આપેલ દસ્તાવેજ છે તે જોતા માર્ક ૪/૧ વાળા દસ્તાવેજમા હાલના વાદીએ માર્ક ૪/૧ વાળો દસ્તાવેજ કરી આપેલ હોચ તેવુ રેકર્ડ ઉપર નથી તેમજ વાદી માર્ક ૪/૧ વાળા દસ્તાવેજમા સાક્ષી તરીકે પણ નથી તેમજ આ કામે વાદીએ તેઓની દાવા અરજીમા જણાવેલ છે કે, હાલના વાદીને તકરારી મીલકતની રજીસ્ટર્ડ વેચાણ થયેલ તેની જાણ વાદીએ રેવન્યુ રેકર્ડની નકલો મેળવતા તેમજ તકરારી મીલકતનો રજીસ્ટર્ડ વેચાણની નકલ તા.૫/૭/૨૦૧૪ના રોજ મેળવતા તાત્કાલીક દાવો સમય મર્યાદામા દાખલ કરેલ છે તેમજ વાદીએ આ કામે તકરારી મીલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ માર્ક ૪/૧થી રજુ કરેલ છે તેમા હાલના વાદીએ વેચાણ દસ્તાવેજની ખરી નકલ તા.૫/૭/૨૦૧૪ના રોજ લીધેલ છે **<u>તેમજ જયારે સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબની અરજીનો નીર્ણય કરવાનો હોચ ત્યારે પ્રતીવાદીએ દાવા અરજીમા જે બચાવ લીધેલ હોચ તે અપ્રસ્તુત છે એટલે કે જયારે સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબની અરજીનો નીર્ણય કરવાનો હોચ છે ત્યારે વાદીએ રજુ કરેલ દાવા અરજી તથા દાવા અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજો જ ધ્યાનમા લેવાના હોચ છે તેમજ વાદીએ પોતાની દાવા અરજીમા પ્રતીવાદી નંબર ૪ થી ૭નાઓએ તકરારી મીલ્કતનો દસ્તાવેજ પ્રતીવાદી નંબર ૮ને કરી આપેલ અને તેની જાણ વાદીને તા.૫/૭/૨૦૧૪ના રોજ થયેલાનું જણાવેલ છે તેમજ તકરારી મીલકતના વેચાણ દસ્તાવેજ અગાઉ ચર્ચા કરીતે મુજબ વાદીએ પ્રતીવાદી નંબર ૮ને કરી આપેલ નથી તેમજ હાલના કામે વાદીને તકરારી મીલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થયો તે તા.૧૧/૫/૨૦૦૯થી જાણમા હતુ તે પુરાવો લીધા સીવાચ હાલના તબકકે નકકી થઈ શકે નહી તેવુ આ કોર્ટનું નમ્ર</u>**

**<u>પણે માનવુ છે.</u>**

તેમજ આ કામે વાદીએ પોતાની દાવા અરજીના પેરા ૩મા જણાવેલ છે કે, આ કામે તકરારી મીલકતમા વહેચણીનો નોધ દાખલ કરવા માટે ઠાકોર કરશનજી જુહાજીના નામની અરજ આપેલ તેમજ હયાતીમાં વહેચણી માટે સંમતી જવાબો તલાટીશ્રી ડેર રૂબરૂ તા.૬/૨/૨૦૦૯ના રોજ લેવામા આવેલા છે વધુમા લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૩૫ ડી મુજબની તા.૫/૨/૨૦૦૯ની તારીખ વાળી નોટીસમાં પ્રતીવાદી નંબર ૨ તથા ૩ હયાત હોવા છતાં મૈયત દર્શાવેલ છે તેમજ વાદીના ભાઈ જેહળજી તા.૧૧/૬/૧૯૯૪ના રોજ મરણ ગયેલ હોવા છતા ખોટા અંગુઠા અને ખોટુ પેઢીનામુ કરેલ છે અને આ રીતે પ્રતીવાદી નંબર ૪ થી ૭ના મૈયત વડીલ જુહાજી અણદાજી ઘ્વારા ખોટુ રેકર્ડ ઉભુ કરેલ છે અને ત્યારબાદ જુહાજી અણદાજી મરણ જતા પ્રતીવાદી નંબર ૪ થી ૭નાઓએ વરસાઈ નોધ નંબર ૪૦૨૫થી પડેલ છે અને ત્યારબાદ પ્રતીવાદી નંબર ૪ થી ૭નાઓએ નોધ નંબર ૪૦૪૪ થી ૦-૪૮ની જમીન જુદી કરી નોધ નંબર ૪૦૯૫ થી તા.૧૧/૫/૨૦૦૯ના રોજ પ્રતીવાદી નંબર ૮ને વેચાણ આપેલ છે અને બાકીની જમીન પ્રતીવાદી નંબર ૪ થી ૭નાઓએ તેમના નામનો ચાલુ રેકર્ડ રાખેલ છે.

તેમજ આ કામે વાદીએ રજુ કરેલ માર્ક ૪/૯ વાળો દસ્તાવેજએ સંમતી જવાબનો દસ્તાવેજ છે. તેમજ માર્ક ૪/૯વાળા દસ્તાવેજને આધારે આ કામના વાદી તેમજ પ્રતીવાદી નંબર ૧ના પિતાએ તેમજ પ્રતીવાદી નંબર ૨ તથા ૩નાઓએ તેઓના કાકાના દીકરા એટલે કે પ્રતીવાદી નંબર ૪ થી ૭ના પિતા ઠાકોર જુહાજી અણદાજીનું નામ દાખલ કરવા સંમતી આપેલ અને તેના આધારે વાદીએ રજુ કરેલ માર્ક ૪/૧૧ વાળા દસ્તાવેજના આધારે જમીન મહેસુલની કલમ ૧૩૫ ડી ની નોટીસ પ્રમાણીત થતા ગામે નોધ નંબર ૩૮૩૮ તા.૧૨/૧૨/૨૦૦૬થી હયાતીમા હકક દાખલ અંગેની નોધ પડી મંજુર થતા ઠાકોર જુહાજી અણદાજીનુ એટલેકે પ્રતીવાદી નંબર ૪ થી ૭ના પિતાનું નામ દાખલ થયેલ છે તેમજ ત્યારબાદ ગામે નોધ નંબર ૪૦૨૫ તા.૨૪/૧૦/૨૦૦૮ની વીગતે ઠાકોર જુહાજી અણદાજી મૈયત થતા તેઓના વારસદારોના નામ દાખલ થયેલ છે જે ગામ નમુના નંબર ૬ હકક પત્રક

વાદીએ માર્ક ૪/૨૧થી રજુ કરેલ છે ત્યારબાદ ગામે નોધ નંબર.૪૦૪૪ તા.૫/૧/૨૦૦૯થી હયાતીમાં વહેચણી થતા સર્વે નંબર.૩૬૮/૩ હે.આર. ૦–૪૮–૦૦ વાળી જમીન ઠોકોર કરશનજી જુહાજી ખાતે દાખલ થયેલ છે તેમજ વાદીએ માર્ક ૪/૧૮વાળો દસ્તાવેજએ નોધ નંબર ૪૦૪૪ લગત જમીન મહેસુલ ની કલમ ૧૩૫ ડી મુજબની નોટીસ છે જે નોધ આધારે તા.૫/૧/૨૦૦૯થી હયાતીમાં વહેચણી થતા સર્વે નંબર.૩૬૮/૩ હે.આર. ૦–૪૮–૦૦ વાળી જમીન ઠોકોર કરશનજી જુહાજી ખાતે દાખલ થયેલ છે પરંતુ માર્ક ૪/૧૮ વાળો દસ્તાવેજ જોતા ઠાકોર દીવાબહેન ખંગારજી તથા ઠાકોર ચંદ્રાબેન ખંગારજી હયાત હોવા છતા મૈયત દર્શાવેલ છે તેમજ વાદીએ રજુ કરેલ માર્ક ૩૬/૧ વાળો દસ્તાવેજએ વાદીએ પ્રતીવાદી નંબર ૪ થી ૭ વીરૂધ્ધ તથા તલાટી કમ મંત્રી અંબાલાલ વીરૂધ્ધ ઈ.પી.કો કલમ ૪૬૫,૪૬૪,૪૬૭ વીગેરે મુજબ પ્રતીવાદી નંબર ૪ થી ૭નાએ તકરારી મીલકતનુ ઠાકોર જુહાજી અણદાજીનું ખોટુ પેઢીનામું બનાવી તેમજ ખોટા સંમતી જવાબ અને ખોટી ૧૩૫ ડી મુજબની નોટીસમા પ્રતીવાદી નંબર ૨ તથા ૩ હયાત હોવા છતા મૈયત દર્શાવેલ છે જેથી પ્રતીવાદી નંબર ૪ થી ૭ તથા તલાટી કમ મંત્રી અંબાલાલ વીરૂધ્ધ ઈ.પી.કો કલમ ૪૬૫,૪૬૪,૪૬૭ વીગેરે મુજબની ફરીયાદ વાદીએ કરેલ છે.

તેમજ પ્રતીવાદીએ પોતાની હાલની અરજીમા જણાવેલ છે કે, હાલના દાવામા પ્રતીવાદી નંબર ૪ થી ૭નાઓએ પ્રતીવાદી નંબર ૮ને તકરારી મીલકત રે.સ.નં.૩૬૮/૩/પૈકી ૧ વાળી હે.૦.૪૮.૦૦નો દસ્તાવેજ તા.૧૧/૫/૨૦૦૯ના રોજ કરી આપેલ હોવાથી હાલના દાવામા સમય મર્યાદા ત્રણ વર્ષની તા.૧૧/૫/૨૦૦૯ના રોજથી શરૂ થાય છે પરંતુ હાલના કામે વાદીએ પોતાની દાવા અરજીમા જણાવેલ છે કે, **<u>હાલના વાદીને તકરારી મીલકતની રજીસ્ટર્ડ વેચાણ થયેલ તેની જાણ વાદીએ રેવન્યુ રેકર્ડની નકલો મેળવતા તેમજ તકરારી મીલકતનો રજીસ્ટર્ડ વેચાણની નકલ તા.૫/૭/૨૦૧૪ના રોજ મેળવતા તાત્કાલીક દાવો દાખલ કરેલ છે તેમજ વાદીએ આ કામે તકરારી મીલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ માર્ક ૪/૧થી રજુ કરેલ છે તેમા હાલના વાદીએ વેચાણ દસ્તાવેજની ખરી નકલ</u>**

**તા.૫/૭/૨૦૧૪ના રોજ લીધેલ છે.**

તેમજ પ્રતીવાદી નંબર ૮ હાલની અરજીમા જણાવેલ છે કે, પ્રતીવાદી નંબર ૮નાએ ઠાકોર કરશનજી જુહાજી વીગેરે પાસેથી વેચાણ રાખેલ જમીનનો રજીસ્ટર્ડ દસ્તાવેજ તા.૧૧/૫/૨૦૦૯ના રોજ થયેલ છે જયારે વાદીએ સદરહું દસ્તાવેજ રદ કરવાનો દાવો તા.૧૪/૭/૨૦૧૪ના રોજ કરેલ છે એટલે કે વાદીએ પાંચ વર્ષ અને બે માસ પછી દાવો દાખલ કરેલ હોઈ વાદીનો દાવો લીમીટેશનના મુદ્દા ઉપર રદ કરવા અરજ ગુજારેલ છે પરંતુ અગાઉ ચર્ચા કરી તે મુજબ હાલના કામે વાદીએ પ્રતીવાદી નંબર ૪ થી ૭નાઓએ ખોટુ પેઢીનામું તેમજ જમીન મહેસુલ અધીનીયમ કલમ ૧૩૫ ડીનો નોટીસ પ્રતીવાદી નંબર ૨ તથા ૩ જીવત હોવા છતા મૈયત બતાવેલ હોઈ અને તકરારી જમીન માંથી ૦૦–૪૮–૦૦ જમીન જુદી પાડી પ્રતીવાદી નંબર ૪ થી ૭નાઓએ તેમના નામે કરી પ્રતીવાદી નંબર ૮ને વેચાણ કરેલ છે તે બાબતે વાદીએ પ્રતીવાદી નંબર ૪ થી ૭ વીરૂધ્ધ પાટણ બાલીસણા ફસ્ટ ગુના રજીસ્ટર્ડ નંબર ૮૬/૨૦૧૪ થી ઈ.પી.કો કલમ ૪૬૪,૪૬૫,૪૬૬,૪૬૭ વીગેરે મુજબની કરેલ છે જે આ કામે વાદીએ માર્ક ૩૬/૧થી રજુ છે તેમજ વાદીએ પણ પોતાની દાવા અરજીના પેજ નંબર ૪ ઉપર પેરા–૩મા પણ જણાવેલ છે કે, પ્રતીવાદી નંબર ૪ થી ૭ના વડીલ જુહાજી અણદાજી ધ્વારા સ.નં.૩૬૮/૩મા નોધ નંબર ૩૮૩૮થી ખોટું પેઢીનામું સંમતી જવાબો વીગેરે મેળવી વારસાઈમા ખોટું નામ જુહાજી અણદાજીનું દાખલ કરાવેલછે અને વાદીના ભાઈ જેહળજી તા.૧૧/૬/૧૯૯૪ના રોજ મરણ ગયેલ હોવા છતા ખોટો અંગુઠો ખોટું પેઢીનામું કરેલ છે અને પ્રતીવાદી નંબર ૪ થી ૭ના મૈયત વડીલ જુહાજી અણદાજી ધ્વારા ખોટું રેકર્ડ ઉભુ કરેલ છે અને ત્યારબાદ પ્રતીવાદી નંબર ૪ થી ૭ ના ઓએ વારસાઈની નોધ નંબર ૪૦૨૫ની પડાવેલી છે અને ત્યારબાદ સ.નં૩૬૮/૩મા વારસો તરીકે દાખલ થઈ નોધ નંબર ૪૦૪૪ થી ૦–૪૮ની જમીન જુદી કરી નોધ નંબર ૪૦૯૫થી તા.૧૧/૫/૨૦૦૯થી રજીસ્ટર દસ્તાવેજ થી પ્રતીવાદી નંબર ૮ને વેચાણ આપેલ છે તેમજ હાલના કામે વાદીએ પ્રતીવાદી નંબર ૪ થી ૭નાઓએ ખોટુ પેઢીનામું તેમજ જમીન મહેસુલ અધીનીયમ કલમ ૧૩૫ ડીનો નોટીસ પ્રતીવાદી નંબર ૨ તથા ૩ જીવત હોવા છતા મૈયત

બતાવેલ છે અને તે પ્રતીવાદી નંબર ૪ થી ૭નાએ ખોટું પેઢીનામું સંમતી જવાબો મેળવી વારસાઈ નોધ નંબર ૪૦૨૫ની પડાવેલ અને તે રીતે સ.નં.૩૬૮/૩મા વારસો તરીકે દાખલ થઈ નોધ નંબર ૪૦૪૪થી ૦–૪૮ની જમીન જુદી કરી નોધ નંબર ૪૦૯૫ થી તારીખ ૧૧/૫/૨૦૦૯થી રજીસ્ટર દસ્તાવેજ પ્રતીવાદી નંબર ૮ નાઓને કરી આપેલ અને તે બાબતની જાણ વાદીને રેવન્યું રેકર્ડની નકલો મેળવતા તેમજ દસ્તાવેજની નકલ ૫/૭/૨૦૧૪ના રોજ મેળવતા થયેલ છે તેમજ અગાઉ ચર્ચા કરી તે મુજબ વાદીની દાવા અરજી વંચાણે લેતા વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે તે પુરાવો લીધા સીવાય હાલના તબકકે નકકી થઈ શકે તેમ નથી કારણકે સી.પી.સી ઓર્ડર ૭ રૂલ ૧૧ની અરજીનો નીર્ણય કરતી વખતે માત્ર કોર્ટે વાદીએ રજુ કરેલ દાવા અરજી તથા દાવા અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજ જોવાના હોય છે તેમજ વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે તે હાલના તબકકે વાદીએ રજુ કરેલ દાવા અરજી તથા દાવા અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજો થી ફલીત થતુ ન હોઈ તેમજ અગાઉ ચર્ચા કરીતે અનુસાર વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે તે હકકીત પુરાવો લીધા સીવાય હાલના તબકકે નકકી થઈ શકે તેમ ન હોઈ તે જોતા પ્રતીવાદી નંબર ૮ની હાલની અરજી મંજુર થવા પાત્ર ન્યાયી જણાતી ન હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**આખરી હુકમ**

૧) પ્રતિવાદી નંબર ૮ની હાલની અરજી ના–મંજુર કરવામા આવે છે.
ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

હુકમ આજ રોજ તા. ૨૬,જુલાઈ–૨૦૧૬ના રોજ ખુલ્લી કોર્ટમા કરી આપ્યો.

પાટણ
તા.૨૬/૦૭/૨૦૧૬

(કીર્તીકુમાર મનોજકુમાર ગોહેલ)
ચોથા એડીશ્નલ સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ફ
પાટણ(જીજે૦૧૧૨૦)